# શહેરમાં કોરોનાનો હાહાકાર

## શહેરની ખાનગી-સરકારી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે : રેપીડ ટેસ્ટ સેન્ટર ખાતે ચાર દિવસથી લાગતી લાંબી કતારો : સિવિલમાં વધુ ૧૦૦ બેડથી વ્યવસ્થા ઉભી કરાઈ





### કોરોનાથી સંક્રમિત શહેરના અગ્રણીઓ

| | |
|---|---|
| ડૉ. બિમલ મોદી | ઓર્થોપેડીક સર્જન - સિવિલ |
| વિક્રમસિંહ ખાચર | પૂર્વ પ્રમુખ, ગાંધીનગર શહેર કોંગ્રેસ |
| જિગ્નેશ જોષી | સરકારી વકીલ - ગાંધીનગર |
| પ્રકાશભાઈ શાહ | મુખ્ય ઈજનેર, પાણી પુરવઠા અને કારોબારી સભ્ય - ગાંધીનગર કલ્ચરલ ફોરમ |
| કેતન મહેતા | જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ |
| નિકુંજ જાની | પત્રકાર - એબીપી અસ્મિતા |
| સમીર રામી | પત્રકાર - ગાંધીનગર સમાચાર |
| નયના દોશી | પત્રકાર - આજકાલ |
| મનિષ કડીયા | કેમેરામેન - ટીવી-૯ |
| સચિન કડીયા | કેમેરામેન - સંદેશ ટીવી |

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં છેલ્લા બે દિવસથી કોરોના વકરી રહ્યો છે. દિવાળીના તહેવારોમાં બજારોમાં જામતી ભીડ ભારે પડી રહી છે. છેલ્લા બે દિવસથી શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઈ રહી છે. સ્વામીનારાયણ હોસ્પિટલ અને આશ્કા હોસ્પિટલ તો લગભગ ભરાઈ ચુકી છે. મળતી માહિતી મુજબ આશ્કા હોસ્પિટલમાં ૯૫ દર્દીઓ અને સ્વામીનારાયણ હોસ્પિટલમાં ૩૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે જ્યારે સિવિલ હોસ્પિટલમાં ૩૦૦ માંથી ૨૪૦ બેડ ભરાઈ ચુક્યા છે અને હજુ દર્દીઓનો પ્રવાહ વધતો જ જાય છે. શહેરમાં ઉભા કરાયેલા રેપીડ ટેસ્ટના તંબુઓ પર ગઈકાલે અને આજે લાંબી કતારો લાગી હતી. આજે કુલ ૪૦૦ થી વધુ દર્દીઓના એન્ટીજન ટેસ્ટ કરાયા હતા જેમાં ૪૦ ટકાથી વધુને કોરોના પોઝીટીવ હોવાનું જણાયુ છે. નવા વર્ષે પ્રથમ ચાર દિવસમાં ૨ હજારથી વધુ એન્ટીજન ટેસ્ટ કરાયા છે જેમા ૪૦ ટકા દર્દીઓને પોઝીટીવ આવતા શહેરમાં હાહાકાર મચી ગયો છે.

ગ્રામ્ય વિસ્તારની સરખામણીએ પાટનગરમાં કોરોનાનો વિસ્ફોટ ભયાનક રહ્યો છે. સેક્ટર-૨૧ ખાતે ઉભા કરાયેલા રેપીડ એન્ટીજન ટેસ્ટ માટેના ટેસ્ટમાં બેસતા વર્ષની સવારથી જ લાંબી લાઈનો લાગી હતી. આ ઉપરાંત સેક્ટર-૨૪ અને સેક્ટર-૨ ના અર્બન હેલ્થ સેન્ટરમાં આજે સવારથી જ ટેસ્ટ માટેની કતારો જામી હતી. જોકે ખાનગી લેબોરેટરીઓમાં પણ ટેસ્ટ કરાવનાર દર્દીઓની સંખ્યા દસ ગણી વધી જતાં ૪૮ કલાકે રીપોર્ટ આવતો થયો છે.

### ગ્રામિણ નાગરિકો પણ ટેસ્ટ માટે ઉમટે છે

ગ્રામ્ય વિસ્તારના નાગરિકો પણ ટેસ્ટ માટે ઉમટ્યા છે. નવા વર્ષની સવારથી આજ સુધી ગાંધીનગરની આસપાસના નાગરિકો સેક્ટર-૨૧ના રેપીડ ટેસ્ટ સેન્ટર ખાતે ઉમટ્યા હતા. મનપા દ્વારા ઉભા કરાયેલા રેપીડ ટેસ્ટ સેન્ટરમાં મફત ટેસ્ટ થતો હોવાથી અહી ભારે ભીડ જામે છે. ગ્રામ્ય વિસ્તારોની હાલત પણ કફોડી થતી જાય છે. હજુ આરોગ્યની અને શિક્ષણની સંપૂર્ણ જવાબદારી મનપા પાસે ન હોવાથી સ્ટાફ અને સાધનોની મર્યાદા નડે છે. તાકિદે બીજુ રેપીડ ટેસ્ટ સેન્ટર ઉભી કરવાની જરૂરીયાત સર્જાઈ રહી છે.

### સેક્ટર-૨૧ના રેપીડ ટેસ્ટ સેન્ટર ખાતે ક્યારે કેટલા ટેસ્ટ

| તારીખ | ટેસ્ટ |
|---|---|
| ૧૬ નવેમ્બર | ૧૫૨ |
| ૧૭ નવેમ્બર | ૩૧૭ |
| ૧૮ નવેમ્બર | ૩૬૨ |
| ૧૯ નવેમ્બર | ૩૨૦ |

આ ઉપરાંત સેક્ટર-૨ અને સેક્ટર-૨૪ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે રેપીડ તથા ખાનગી લેબોરેટરી ખાતે થતા આરટીપીસીઆર ટેસ્ટની સંખ્યા અલગ છે.

### ખાનગી લેબોરેટરીમાં પણ ટેસ્ટીંગ માટે ધસારો

શહેરની ત્રણ પ્રતિષ્ઠિત પેથોલોજી લેબોરેટરીમાં કોરોના વાયરસના આરટીપીસીઆર માટે ભારે ધસારો હોવાથી સેક્ટર-૧૬ સ્થિત શ્રદ્ધાદિપ લેબોરેટરીએ તો ટેસ્ટ માટે પહોંચી ન વળાતા દર્દીઓને એન્ટીજન ટેસ્ટ કરાવવાનુ કહેવાયુ છે. શ્રદ્ધાદીપના મહેન્દ્ર ગજ્જરના કહેવા અનુસાર ત્રણ હજારથી વધુ સેમ્પલ ટેસ્ટીંગ માટે પેન્ડીંગ હોવાથી ૪૮ કલાકનુ વેઈટીંગ ચાલે છે માટે બે દિવસ સુધી સેમ્પલ સ્વીકારી શકાતા નથી. સુપ્રાટેક લેબમાં પણ ૪૮ કલાકનુ વેઈટીંગ ચાલી રહ્યુ છે.

# ગ્રામીણ વિસ્તારમાં ૨૦ નવા કેસ નોંધાયા

## ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૩, દહેગામમાં ૩, માણસામાં ૨ કેસ

## સારવાર દરમિયાન એક દર્દીનું મોત થયાનું સરકારે કહ્યુ છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝીટીવના વધુ ૨૦ દર્દી નોંધાયા છે. સારવાર દરમ્યાન એક દર્દીનું મોત થયાનું રાજ્ય સરકારે તેની અખબારી યાદીમાં જણાવ્યુ છે. જોકે જિલ્લાતંત્રની યાદીમાં સારવાર દરમ્યાન મોત પામેલ દર્દી શૂન્ય દર્શાવવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ થી ૧૮ નવેમ્બર દરમ્યાન ૬૯ કેસ નોંધાયા હતા. જ્યારે ૬૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ હોવાનું તંત્રએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોના વકર્યો છે. આજે નોંધાયેલા કેસોમાં પણ ૯ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા દર્દીઓમાં ૭ મહિલા દર્દીઓનો તેમજ મોટીવયના દર્દીઓની સંખ્યા પણ સારી એવી જોવા મળી રહી છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાં વધતા જતા ડેથરેટ ઉપરાંત મોટીવયના લોકો તેમજ મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતા ઘેરી બની છે. તંત્ર દ્વારા કોરોના સંક્રમણના વધતા જતા કેસોને પગલે હોસ્પિટલોમાં પથારીની સુવિધા વધે તે દિશામાં પ્રયાસો શરૂ કર્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૨૦ કેસમાં ૧૨ કેસ ગાંધીનગર તાલુકાના છે દહેગામના ૩, માણસાના ૨ અને કલોલના ૩ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના ધણપ ગામેથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

ભાટ ગામેથી ૮૧ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કુડાસણમાંથી ૪૫ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રાયસણ ગામેથી ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સરગાસણ ગામેથી ૩૪ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ કોલવડા ગામમાંથી આજે એક દિવસમાં ૪ કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આજે નોંધાયેલા ૪ કેસમાં બે પુરૂષ અને બે મહિલા દર્દી છે.

કોલવડામાંથી આજે ૫૦ વર્ષીય વેપારી, ૪૫

● અનુસંધાન પાના - ૭ પર

# ઈન્દ્રાણી માતાજીના મંદિરમાં ચોરી ચાંદીના ૮ છત્તર અને રોકડ લઈ ફરાર

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સાબરમતિ નદીના કિનારે આવેલા ઈન્દ્રોડા ગામના ઈન્દ્રાણી માતાજીના મંદિરમાંથી રૂ.૬૨ હજાર મત્તાની ચોરી થવા પામી છે. ગત તા.૧૬ ના રોજ રાત્રીના સુમારે ચોર ઈસમોએ મંદિરને નિશાન બનાવ્યું હતું. મંદિરના મુખ્ય દરવાજાને તોડીને અંદર પ્રવેશી દાનપેટીમાંથી રૂ.૪૦ હજાર અને માતાજીના ચાંદીના છત્તરની ચોરી કરી શખ્સો પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્દ્રોડા ગામના વતની અને મંદિરના ટ્રસ્ટી અશોકજી ગાંડાજી મકવાણા વર્ષના અંતિમ દિવસે તા.૧૫ ના રોજ રાત્રીના સમયે મંદિરમાં પુજા કરતા મહેન્દ્રભાઈ મહેતા અને અન્ય ગ્રામજનો મંદિરની સજાવટ કરતા હતા. રાત્રીના સમયે મંદિરની સજાવટનું કામ પૂર્ણ થઈ ગયા બાદ તમામ ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ સવારના ૫ વાગે પુજારી મહેન્દ્રભાઈ મંદિર ખાતે આવ્યા હતા. આ સમયે તેઓએ જોયુ તો મંદિરનો મુખ્ય દરવાજો અને દાનપેટી ખુલ્લી જોવા મળી હતી. જેથી તેઓએ તાત્કાલીક ટ્રસ્ટી અને ગ્રામજનોને ચોરી અંગે જાણ કરી હતી. જેનો પગલે તાત્કાલીક મંદિર ખાતે ગ્રામજનો દોડી આવ્યા હતા. મંદિરમાં તપાસ કરતા મંદિરમાંથી ચાંદીનું મોટુ છત્તર રૂ.૧૦ હજાર, અને રૂ.૧૨ હજારના ચાંદીના નાના ૭ છત્તર સહિત દાનપેટીમાંથી રોકડા રૂ.૪૦ હજાર ગાયબ હતા. નવા વર્ષે ભગવાનના મંદિરને જ તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ત્યારે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# શહેરમાં નવા ૩૦ કેસ

## આજે સે. ૨૯માંથી ૩, સે. ૩૦માંથી ૩, સે. ૧૯માંથી ૩, ૨૭માંથી ૩ ઉપરાંત સે. ૨૧, ૫, ૨૪ અને ૨૨માંથી ૨-૨ કેસ તેમજ સે. ૧૪, સે. ૭, ૮, ૪, ૨, ૩, ૨૩, ૨૮, ૧૧, ૬ તેમજ જીઈબીમાંથી પણ કેસ મળી આવેલ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોના પોઝીટીવના ૩૦ દર્દીઓ મળી આવ્યા છે. એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં કેસો મહિનામાં પહેલીવાર નોંધાયા છે.

શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓમાં આજે મહિલા દર્દીઓની સંખ્યા બે આંકડાને પાર કરી ગઈ છે. મોટી વયના દર્દીઓ પણ વધુ સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતાનું ભારણ વધી જવા પામ્યુ છે.

રોકેટ ગતિએ શહેરમાં કેસોની સંખ્યામાં ઉછાળો નોંધાયો છે. આજે પણ નોંધાયેલા દર્દીઓમાં મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

આજે સે. ૨૯ માંથી ૩, સે. ૩૦ માંથી ૩, સે. ૧૯ માંથી ૩, સે ૨૭ માંથી ૩ ઉપરાંત સે. ૨૧, ૫, ૨૪ અને ૨૨ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૧૪, સે. ૭, ૮, ૪, ૨, ૩, ૨૩, ૨૮, ૧૧, ૬ તેમજ જીઈબીમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ રહેલ દર્દીઓની સંખ્યા ૨૦૦ના આંકને પાર કરી જતાં તંત્રની કામગીરી વધી છે. આ ઉપરાંત શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી જવા પામી છે.

સે. ૧૪ માંથી ૪૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૧ માંથી ૪૪ વર્ષીય મહિલા જે સિવિલમાં નોકરી કરે છે અને ૪૬ વર્ષીય પુરૂષ જે ખાનગી લેબોરેટરીમાં નોકરી કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માં રહેતી અને કડીમાં આસિ. પ્રોફેસર તરીકે નોકરી કરતી ૩૬ વર્ષીય પ્રોફેસરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૯ માં રહેતી શિક્ષણ વિભાગમાં સેવક તરીકે ફરજો બજાવતી ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલમાં દાખલ કરાયેલ છે. આ ઉપરાંત ૪૬ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વિધાનસભામાં ઓફિસ આસિટન્ટ તરીકે ફરજો બજાવતા ૨૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૮ માં રહેતા ૭૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે.

સે. ૨૭ માંથી ૩ કેસ મળી આવ્યા છે. ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરેલ છે. સે. ૨૭ માં રહેતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી ૨૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩ માંથી ૩૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩૦ માંથી ૩ કેસ મળી આવ્યા છે. ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમજ સેમી સરકારી કચેરીમાં અધિકારી તરીકે ફરજો બજાવતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩૦ માંથી ૮૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૫ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૨૬ વર્ષીય સિવિલ ઈજનેરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાના - ૭ પર

## સિવિલમાં ૧૪૯ દર્દીઓ હાલ ઓક્સીજન પર છે !!!

ગાંધીનગર સિવિલમાં દાખલ દર્દીઓમાંથી મોટાભાગના દર્દીઓ ઓક્સીજન પર હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવવા પામી છે.

ઓન-૨ પર ૭૪ દર્દીઓ, ઓન એનઆરસીએચ. ૮ દર્દીઓ, બાયપેપ પર ૨૫ દર્દી અને વેન્ટીલેટર પર ૨ દર્દીઓ હોવાનું જાણવા મળેલ છે. સિવિલમાંથી આજે પાંચ દર્દીઓને કોવિડ કેર સેન્ટર કોલવડા ખાતે શિફ્ટ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

સિવિલમાં કોરોનાની ચાલતી ઓપીડીમાં આજે ૧૫૩ જેટલા દર્દીઓની તપાસ કરાઈ હોવાનું પણ જાણવા મળેલ છે. સિવિલમાં હાલ ૨૧૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. દરમ્યાન સિવિલમાં વધુ ૧૦૦ બેડ કોવિડ માટે ફાળવવામાં આવશે તેમ જાણવા મળેલ છે. સિવિલમાં ૩૦૦ બેડ કોવિડ માટે હતા પરંતુ જિલ્લામાંથી અને શહેરમાંથી જે રીતે કેસો નીકળી રહ્યા છે તેને ધ્યાને રાખી આ પથારીની સંખ્યા વધારવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## સરકાર કહે છે શહેર-જિલ્લામાં ૮૦ કેસ, સ્થાનિક તંત્રો કહે છે ૫૦ કેસ નોંધાયા

સરકારની સત્તાવાર યાદીમાં શહેર-જિલ્લામાં કોરોનાના આજે ૮૦ કેસ બતાવવામાં આવ્યા છે. જ્યારે શહેર-જિલ્લાના સ્થાનિક તંત્રોએ માત્ર ૫૦ કેસ બતાવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયાનું સરકારે કહ્યુ છે જ્યારે જિલ્લાતંત્રએ આ અંગે મૌન સેવ્યુ છે.

કોવિડ-૧૯ના સંક્રમણના કેસો માર્ચમાં મળવાના શરૂ થયા છે પરંતુ તંત્ર વચ્ચે સાત મહિના પછી કોમ્યુનિકેશનમાં રહેલી ઉણપને લઈ લોકો ચિંતાતુર બન્યા છે. જિલ્લાના સ્થાનિક સત્તાવાળાઓ કોઈકના દબાણ હેઠળ ઓછા કેસો બતાવે છે તેવી શંકા લોકોમાં દ્રઢ થઈ રહી છે તેમજ મૃત્યુઆંકના આંકડાઓ પણ છુપાવવામાં આવી રહ્યા છે. એન્ટીજન ટેસ્ટના આંકડાઓ અંગે પણ તંત્ર મૌન સેવી રહેલ છે.

## ખૂણેખાંચરેથી

- ખેતીવાડી શાખામાં ટેકનીકલ આસિસ્ટન્ટ તરીકે ફરજો બજાવતી સુશ્રી ફેના પટેલને કોરોના પોઝીટીવ આવ્યો.
- ગાંધીનગર શહેરમાં સે. ૨૧ ખાતે ઉભા કરાયેલ ટેસ્ટ સેન્ટરમાં ગઈકાલે ૪૦૦થી વધુનો ટેસ્ટ કરાયા હતા જેમાં ૪૦ દર્દી પોઝીટીવ હોવાનું જણાયુ હતુ.
- સે. ૨૧માં ઉભા કરાયેલ કોવિડ ટેસ્ટ સેન્ટર નજીક ટેસ્ટ કરાવવા માટે લાગતી લાંબી લાઈનને લઈ છાંયડાની તેમજ પેયજળ અને યુરિનલ માટેની વ્યવસ્થા તંત્રએ ઉભી કરવી જોઈએ તેવી માંગ લોકોમાં ઉઠવા પામી છે.
- ગાંધીનગર જિલ્લાના કોરોના માટે નિયુક્ત પ્રભારી અગ્ર સચિવ સુશ્રી સુનયના તોમરે આજે શહેર-જિલ્લામાં કોવિડ-૧૯ની સ્થિતિને લઈ સમીક્ષા કરી હતી.
- રાજ્ય સરકારે આર.ટી.પી.સી.આર. ટેસ્ટનું પ્રમાણ વધારવા માટે તેમજ હોસ્પિટલોમાં પથારીની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે સૂચનાઓ આપી છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**
**(ગુજરાત સરકારનું સાહસ)**
**જાહેર નિવિદા નં. ૯ સને ૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ, જલભવન, નવા સરકી હાઉસ પાસે, હિંમતનગર (મો. ૯૯૭૮૪૦૬૭૧૯), (ફોન નં. : ૦૨૭૭૨-૨૪૬૪૨૬) દ્વારા ઈડર પેટા વિભાગીય કચેરી હસ્તકના (૧) ઈડર - વડાલી - ખેડબ્રહ્મા શહેરી પાણી પુરવઠા યોજના તા. ઈડર / વડાલી અને ખેડબ્રહ્માના વર્ષ - ૨૦૨૦-૨૧ અને વર્ષ - ૨૦૨૧-૨૨ના મરામત અને નિભાવણીનાં - ૨૪ માસ માટેની કામગીરી (૨) રીમોલ્ડીંગ ઓફ જાલીય - ઉમેદઢ અને દાવડ - લાલપુર જુથા પા. પુ. યોજના અંતર્ગત નવીન સંપની કામગીરી (જેના ટેન્ડર આઈ.ડી. નં. (૧) ૪૩૫૩૭૬ (૨) ૪૩૫૩૮૬ છે. કોન્ટ્રાક્ટર માટેની પાત્રતા ડી વર્ગ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવનાર પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજુ કરવાની છેલ્લી તારીખ : ૦૧/૧૨/૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ સાઈટ www.gwssb.org, http//www.gwssb.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે. હવે પછીના સુધારા વેબ સાઈટ પર જોવા મળશે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નંબર - ૧૯૧૬ પર સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૩૫૬/૨૦૨૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA STEEL · PIPES · SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
**સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ**
SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

**ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

**સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

**મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

**પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

**કાન, નાક, ગળા વિભાગ**
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

**ન્યુરો સર્જરી વિભાગ** (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮